## 44 વર્ષથી બંધ રહેલા મંદિરમાંથી મળી ખંડિત મૂર્તિઓ

# મુરાદાબાદમાં ગૌરીશંકર મંદિરના ખોદકામમાંથી મળી આવી ખંડિત મૂર્તિઓ



(એજન્સી) મુરાદાબાદ । તા. 31

સંભલ, વારાણસી, બુલંદશહર બાદ હવે મુરાદાબાદમાં 44 વર્ષથી બંધ ગૌરી શંકર મંદિર મળી આવ્યું છે. એવો આરોપ છે કે 1980ના રમખાણોમાં પૂજારીની હત્યા થયા બાદ આ મંદિરને બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેના બંને દરવાજા ઈંટોથી તોડી દેવામાં આવ્યા હતા. ત્યારે હવે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે ગર્ભગૃહનું ખોદકામ કર્યું ત્યારે શિવલિંગ અને અનેક તૂટેલી મૂર્તિઓ કાટમાળ નીચે દટાયેલી મળી આવી હતી, જેને બહાર કાઢવામાં આવી છે. મંદિરની સફાઈ કર્યા બાદ તેમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. મુરાદાબાદમાં 44 વર્ષથી બંધ રહેલા ગૌરી શંકર મંદિરમાંથી નંદી, ગણેશ, કાર્તિકેય અને ભગવાન હનુમાનની ખંડિત મૂર્તિઓ મળી આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા અને કર્મચારીઓ દ્વારા મંદિરની સફાઈ કરાવી હતી. જો કે હજુ સુધી મંદિર પર કોઈ કબજો હોવાના કોઈ પુરાવા સામે આવ્યા નથી.

**વર્ષ 1980થી મંદિર બંધ |** આ મંદિર લાંબા સમયથી બંધ હતું, તેથી જાળવણીના અભાવે તેની હાલત ખરાબ થઈ ગઈ છે. હવે તેને પૂજા માટે યોગ્ય બનાવવા માટે તેને સાફ કરીને તેનું કલરકામ કરવામાં આવશે. આ ધાર્મિક સ્થળના નિરીક્ષણ દરમિયાન, ટીમને જાણવા મળ્યું કે મંદિરના બંને દરવાજા વર્ષ 1980માં ચણતર કરીને બંધ કરી દેવામાં આવ્યા હતા. 1980ના રમખાણોમાં પૂજારીની હત્યા થઈ ત્યારથી મંદિર બંધ હોવાનું સામે આવ્યું છે. પૂજારીના પૌત્રે એક અઠવાડિયા પહેલા મુરાદાબાદના ડીએમને એક અરજી આપી હતી, જેમાં મંદિરને ફરીથી ખોલવાની વિનંતી કરવામાં આવી હતી.

**ચુસ્ત સુરક્ષા વચ્ચે થયું ખોદકામ |** આ પછી, વહીવટીતંત્રે ત્રણ દિવસ પહેલા શહેરના નાગફની વિસ્તારમાં ઝબ્બુ કા નાલા વિસ્તારમાં સ્થિત મંદિરનો સરવે કર્યો હતો અને સોમવારે કડક સુરક્ષા હેઠળ સફાઈ અને ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ દરમિયાન હનુમાનજી, શિવલિંગ અને નંદીની મૂર્તિઓ મળી આવી છે અને જ્યાં સુધી મંદિર તેના પૂર્ણ સ્વરૂપમાં નહીં આવે ત્યાં સુધી આ પ્રક્રિયા આગળ પણ ચાલુ રહેશે.

**SDMએ મંદિર વિશે શું કહ્યું? |** સદર એસડીએમ રામ મોહન મીણાએ જણાવ્યું કે, 'આ મંદિર 1980ના રમખાણોથી બંધ હતું. તાજેતરમાં અમે અહીં આવ્યા હતા અને શનિવારે પણ મુલાકાત લીધી હતી અને તેની સ્થિતિ જોઈ હતી. સોમવારે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ અને પોલીસ ફોર્સની ટીમ સાથે ઘટનાસ્થળે આવી હતી. મંદિરની દિવાલો ઈંટોની બનેલી હતી અને દરવાજો ખોલી ગર્ભગૃહ ખાલી કરાવવામાં આવ્યો છે. અમે મંદિરને તેના મૂળ સ્વરૂપમાં લાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ.'તેમણે કહ્યું કે, 'પહેલા ચરણમાં સફાઈ કરવામાં આવી હતી અને હવે મૂર્તિઓની સ્થાપના કરવામાં આવશે. ગૌરી શંકર મંદિરની અંદરથી તૂટેલી મૂર્તિઓ મળી આવી છે, જેમાં શિવલિંગ અખંડ મળી આવ્યું છે. આ સિવાય જો કોઈ અતિક્રમણ હોય તો તેના રેકોર્ડ પણ તપાસી રહ્યા છીએ.'

## 40 કરોડ શ્રાદ્ધાળુઓ ગંગામાં પવિત્ર ડૂબકી લગાવશે



(એજન્સી) પ્રયાગરાજ। તા. 31

મહાકુંભની તડામાર તૈયારી માટે યુપી સરકારનાં અધિકારીઓ દ્વારા સક્રિય કામગીરી બજાવવામાં આવી રહી છે. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીનાં ત્રિવેણી સંગમ પર 13મી જાન્યુઆરીએ પોષ મહિનાની પૂનમથી શરૂ થઈ રહેલા મહાકુંભ માટે યુદ્ધનાં ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. 45 દિવસ ચાલનારો મહાકુંભ 26મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિનાં દિવસે પૂરો થશે. આ 45 દિવસનાં ગાળામાં આશરે 40 કરોડ શ્રાદ્ધાળુઓ પવિત્ર ગંગામાં ડૂબકી લગાવશે તેવી ગણતરી છે. વિશ્વનાં આ સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમને સૂચારું રીતે યોજવા રસ્તાઓ તેમજ નદીઓ સાફ કરાઈ રહી છે, રસ્તા પહોળા કરાઈ રહ્યા છે, નદી કિનારાનાં ઘાટ સમથળ બનાવાઈ રહ્યા છે.પીએમ મોદીએ તેને એકતાનો મહાકુંભ ગણાવ્યો છે. જે વિવિધતામાં એકતાનું પ્રતિક છે. દર 12 વર્ષે ત્રિવેણી સંગમ પર યોજાતો આ મહાકુંભ 2025માં 13 જાન્યુઆરીએ પોષ સુદ પૂનમનાં દિવસે શરૂ થશે અને 45 દિવસ પછી 26 ફેબ્રુઆરીનાં રોજ મહાશિવરાત્રિએ પૂરો થશે. મહાકુંભમાં લાખો ભક્તો ગંગામાં પવિત્ર ડૂબકી લગાવશે. આ વર્ષે 40 કરોડ શ્રાદ્ધાળુઓ મહાકુંભમાં લાભ લેશે તેવી ધારણા છે. ગંગાનો કિનારો મહાકુંભ નગરમાં ફેરવાઈ ગયો છે. યુપી સરકાર દ્વારા આ માટે યુદ્ધનાં ધોરણે તૈયારીઓ શરૂ કરાઈ છે. 1,60,000 તંબુઓ બાંધવામાં આવી રહ્યા છે. દોઢ લાખ શૌચાલયો બનાવાઈ રહ્યા છે. જેની સફાઈ 15,000 કર્મચારીઓ દ્વારા કરાશે. પાણી અને ગટરની સફાઈ માટે 1250 કિમી લાંબી પાઈપલાઈન નાંખવામાં આવશે. 67,000 LED લાઈટ્સ, 2000 સોલાર લાઈટ્સની મહાકુંભ નગરને ઝગમગતું કરાશે. આ વિસ્તારનાં નવીનીકરણ માટે 3 લાખ રોપાંનું વાવેતર કરાયું છે. આ ઉપરાંત 9 પાકા ઘાટ, નદી કિનારાને જોડતા 7 રસ્તા, 12 કિમી લાંબા હંગામી ઘાટ બનાવાઈ રહ્યા છે. સાત બસ સ્ટેન્ડ બનાવાઈ રહ્યા છે. આ વિસ્તારને સુશોભિત કરવા 1.5 મિલિયન ચોરસ ફુટ વિસ્તારમાં ભીંતચિત્રો અને સ્ટ્રીટ પેઈન્ટિંગ્સ બનાવાઈ રહ્યા છે.

## શિંદે અને પવારને ફરી ઝટકો!

# એકલા હાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઝંપલાવવાની ભાજપની તૈયારી

(એજન્સી) મુંબઈ । તા. 31

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 133 બેઠક જીતી છે. માત્ર 148 બેઠકો પર લડેલી ભાજપે લગભગ 90 ટકા બેઠકો જીતી છે અને મહારાષ્ટ્રના રાજકારણમાં ભાજપની આ સૌથી મોટી સફળતા છે. તેની પાછળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)નું આયોજન અને મહેનત પણ એક કારણ માનવામાં આવે છે. આ દરમિયાન આરએસએસ અને ભાજપે પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ તેજ કરી દીધી છે. પક્ષના વ્યૂહનીતિકારોનું માનવું છે કે, સ્થાનિક સ્વરાજ ચૂંટણી એકલા હાથે લડવી જોઈએ. જેથી કરીને શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી



(અજિત પવાર જૂથ) સામે તેની તાકાત બતાવી શકાય. આરએસએસના લોકોનો પણ મત છે કે ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એકલા જ ઉતરવું જોઈએ.વ્યૂહનીતિકારોનું અનુસાર, સ્થાનિક ચૂંટણી એકલા હાથે લડીને ભાજપને પાયાના સ્તર સુધી પહોંચવામાં મદદ મળશે. આ ઉપરાંત તે મુંબઈ, પૂણે, નાગપુર સહિત વિવિધ શહેરોમાં તેની તાકાતનું આકલન પણ કરી શકશે. ભાજપ ઉપરાંત અન્ય પક્ષો પણ એકલા હાથે લડવાના પક્ષમાં છે. શિવસેના (ઉદ્ધવ જૂથ) સ્થાનિક સ્વરાજ ચૂંટણી એકલા હાથે લડશે!મહાવિકાસ અઘાડીમાં શિવસેના (ઉદ્ધવ જૂથ) ઘણી વખત જાહેરાત કરી ચૂકી છે કે, તે સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં એકલા હાથે લડશે. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના પ્રવક્તા આનંદ દુબેએ કહ્યું, 'મહારાષ્ટ્રમાંથી શિવસૈનિકોનો અભિપ્રાય ઉભરી રહ્યો છે કે જેથી એકલા ચૂંટણી લડવી જોઈએ. આનાથી અમને બે ફાયદા થશે. પ્રથમ તે રાજ્યભરના કાર્યકરોને ઉત્સાહિત થશે. બીજું પાર્ટીમાંથી વધુને વધુ લોકોને ચૂંટણી લડવાની તક મળશે.' ઉલ્લેખનીય છે કે, BMC સહિત દેશની 27 સંસ્થાઓમાં ચૂંટણી યોજાવાની છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લાંબા સમયથી પેન્ડિંગ છે. પરંતુ હવે વિધાનસભાની ચૂંટણીમાં મળેલી જોરદાર સફળતા બાદ તમામ સત્તાધારી પક્ષો ચૂંટણી યોજવાના પક્ષમાં છે.

# નીતિશ કુમાર ફરી પલટશે? PM મોદીને મળવા દિલ્હી પહોંચ્યા પણ નિરાશા, રાહુલ ગાંધીનું JDUને આમંત્રણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની ટીમે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને 'ઈન્ડિયા' ગઠબંધનમાં જોડાવા આમંત્રણ આપતા નીતિશ કુમાર ફરી ભાજપનો સાથ છોડી વિરોધી ગઠબંધનમાં જોડાશે એવી વાતો વહેતી થઈ છે. જો કે, પૂર્વ સાથી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે જેડી(યુ)ના વરિષ્ઠ નેતા માટે દરવાજા કાયમી બંધ કરવાનું સત્તાવાર નિવેદન આપ્યું છે. ગત સપ્તાહે ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા અને ગૃહ મંત્રી અમીત શાહે બોલાવેલી બેઠકમાં નીતિશ કુમાર હાજર રહેલા નહીં તો આજે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ મળવા પહોંચ્યાની વાતો સામે આવી છે.એનડીએ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનોમાં કૂદાકૂદ કરનારા નીતિશ કુમાર 'પલ્ટુ' તરીકે ખ્યાતનામ છે. છેલ્લા ચાર મહિનાથી- બિહારને વિશિષ્ટ રાજ્યનો દરજ્જો આપવા કે ડૉ. બાબાસાહેબ આંબેડકર અંગેના ગૃહમંત્રીના વિવાદિત નિવેદન- દરેક મામલે જેડીયુ ભાજપ સાથે છેડો ફાડે એવા અહેવાલો સતત આવતા રહે છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એક વાર પલટી મારીને ભાજપને છોડીને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) સાથે હાથ મિલાવી લે એવી શક્યતા છે. નીતિશ અમિત શાહ દ્વારા ડો. બાબાસાહેબના અપમાન અને કેન્દ્રીય બજેટમાં બિહારને અન્યાયના મુદ્દે ૧ ફેબ્રુઆરી પછી ભાજપને છોડીને ફરી તેજસ્વી યાદવ સાથે મળીને સરકાર રચશે એવું કહેવાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તાજેતરમાં નિવેદન આપેલું કે, બિહાર વિધાનસભાની ચૂંટણીમાં નીતિશ કુમાર એનડીએના મુખ્યમંત્રીપદના ઉમેદવાર નથી અને ચૂંટણી પછી ધારાસભ્યો કોણ મુખ્યમંત્રી બનશે એ નક્કી કરશે. નીતિશ કુમાર શાહના નિવેદનથી ભડકી ગયા છે. નીતિશ કુમારને લાગી રહ્યું છે કે, ભાજપે મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે કોરાણે મૂકી દીધા એ રીતે હવે પોતાને પણ વાપરીને હડસેલી દેવાની ફિરાકમાં છે અને અમિત શાહ આ યોજનાના સૂત્રધાર છે. નીતિશે ભાજપ પોતાને ફેંકી દે એ પહેલાં ભાજપને ફેંકી દેવાની યોજના ઘડી કાઢી છે. નીતિશ કુમારે નરેન્દ્ર મોદીને પત્ર લખીને બાબાસાહેબ આંબેડકરના કથિત અપમાન મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે અને શાહ માફી માગે એવી માગણી કરી છે. નીતિશ કુમારે બિહારમાં પ્રગતિ યાત્રા કાઢી તેમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરને મહત્વ આપ્યું છે. જેડીયુના કાર્યકરો બાબાસાહેબની તસવીરો સાથે યાત્રામાં હાજરી આપી રહ્યા છે અને નીતિશ કુમાર જ્યાં પણ બાબાસાહેબની તસવીર જુએ કે તરત માથું નમાવીને નમસ્કાર કરે છે. નીતિશે ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા બજેટમાં બિહારને સ્પેશિયલ સ્ટેટનો દરજ્જો આપવાની માગણી પણ ઉઠાવી છે. મોદી સરકાર આ માગણી સ્વીકારે શકે તેમ નથી તેથી નીતિશને ભાજપને છોડવાનું બહાનું મળી જશે.

### બિહારમાં ભાજપના નાયબ મુખ્યમંત્રી વિજયકુમારે નીતિશને નિષ્ફળ ગણાવ્યા

બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાએ ૨૫ ડીસેમ્બરે અટલ બિહારી વાજપેયીના જન્મદિને યોજાયેલા કાર્યક્રમમાં ભાજપનો પ્લાન શું છે એ છતું કરી દીધું હતું. સિંહાએ કહ્યું હતું કે, બિહારમાં ભાજપ એકલા હાથે સરકાર રચે એ વાજપેયીજીને અપાયેલી સાચી શ્રધ્ધાંજલિ હશે. સિંહાએ કહેલું કે, જંગલરાજ કરનારા લોકો હજુ બિહારમાં અરાજકતા ફેલાવી રહ્યા છે અને ભાજપની સરકાર આવશે ત્યારે જ તેમના પર સંપૂર્ણ અંકુશ આવશે. સિંહાએ આડકતરી રીતે નીતિશ કુમાર બિહારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયા હોવાનો આક્ષેપ કરી દીધો હતો. સિંહાની વાતોથી ભડકેલા જેડીયુએ ભાજપના નેતાઓને આડે હાથ લઈ લીધા. તેના કારણે સિંહાએ કલાક પછી સ્પષ્ટતા કરવી પડેલી કે, ૨૦૨૫ની ચૂંટણીમાં એનડીઓનું નેતૃત્વ નીતિશ કુમાર જ કરશે.

### ભારતીય અર્થતંત્રમાં ૧૫૦ અબજ ડોલરથી વધુનો ફાળો આપશે

# ભારતમાં ૨૦૩૦ સુધીમાં એઆઇ, સાયબર સિક્યુરિટીથી ૧૦ લાખ નોકરી સર્જાશે

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ), સાયબર સિક્યુરિટી, કલાઉડ કોમ્પ્યુટિંગ અને ડેટા સાયન્સ સહિત ઉભરતી ટેકનોલોજીથી ૨૦૩૦ સુધીમાં ૧૦ લાખ નોકરીઓનું સર્જન થશે તેમ એક અગ્રણી ટેકનોલોજી સ્ટાફિંગ સોલ્યુશન કંપનીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.ટેકનોલોજી સ્કીલ રિપોર્ટ, ડિસેમ્બર ૨૦૨૪ નામના રિપોર્ટમાં વિભિન્ન ક્ષેત્રોમાં કૌશલ્યની વાર્ષિક દરે વૃદ્ધિ પર પ્રકાશ નાખ્યો છે. એઆઇ અને મશિન લર્નિંગ, સાયબર સુરક્ષા, કલાઉડ કોમ્પ્યુટિંગ, ડેટા સાયન્સ અને બ્લોકચેનથી સંબધિત ઉભરતી સ્કીલ નવી એપ્લિકેશનની મદદથી ઉદ્યોગોને બદલી રહી છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતના ટેકનોલોજી વર્કફોર્સમાં પરિવર્તનકારી ફેરફાર જોવા મળી રહ્યાં છે. ઇઆરપી (એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ) જેવી પારંપરિક સ્કીલનું એઆઇ અને એમએલ તથા કવાંટમ કોમ્પ્યુટિંગ જેવી સફળ ટેકનિકોની સાથે તાલમેલ બેજોડ તક પ્રદાન કરે છે.જેમ જેમ કાર્યબળ એઆઇ, સાયબર સુરક્ષા અને કલાઉડ કોમ્પ્યુટિંગની વધતી માંગને અનુકુળ થતું જશે તેમ તેમ અપસ્કિલિંગમાં વ્યૂહાત્મક રોકાણ મહત્ત્વપૂર્ણ બની રહેશે.આશા છે કે ઉભરતી ટેકનોલોજી ૨૦૩૦ સુધી ભારતીય અર્થતંત્રમાં ૧૫૦ અબજ ડોલરથી વધુનો ફાળો આપશે. જે વૈશ્વિક ટેકનોલોજી લીડરના રૂપમાં તેની સ્થિતિને વધુ સમર્થન આપશે.ભારતમાં આઇટી ઉદ્યોગમાં કુલ કાર્યબળ ૨૦૩૦ સુધી ૫૪ લાખથી વધીને ૭૫ લાખ થવાનો અંદાજ છે. જેનાથી ૨૦ લાખ વધુ નોકરીઓનો ઉમેરો થશે.બેંકિંગ, ફાઇનાન્સિયલ સર્વિસીસ, ઇન્સ્યુરન્સ સેક્ટરમાં છેતરપિંડી શોધવા માટે સાયબર સિક્યુરિટી અને બ્લોકચેઇન ટેકનોલોજી મહત્ત્વપૂર્ણ છે.

# વૃંદાવનમાં શ્રદ્ધાળુઓનો ધસારો, મંદિર પ્રશાસને જાહેર કરી એડવાઇઝરી

(એજન્સી) વૃંદાવન । તા. 31

આજે વર્ષ 2024નો અંતિમ દિવસ છે. ત્યારે વિવિધ ધાર્મિક સ્થળો પર ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે વાત કરીએ બાંકિ બિહારી લાલ એટલે કે વૃંદાવનની તો અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શને આવી પહોંચ્યા છે. ભીડ એટલી વધી ગઇ છે કે વહીવટી તંત્રએ એડવાઇઝરી જાહેર કરવી પડી. ઉત્તર પ્રદેશના વૃદાનવનમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. દરરોજ લગભગ 1.5 લાખ ભક્તો અહીં પહોંચી રહ્યા છે અને ભગવાન બાંકે બિહારીના દર્શન કરી રહ્યા છે. તેને જોતા નવા વર્ષની શરૂઆત પહેલા ઉત્તર પ્રદેશના મથુરાના વૃંદાવનમાં વહીવટીતંત્ર દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. પ્રશાસને ફોર વ્હીલરના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.વૃંદાવનના બહારના વિસ્તારમાં પાર્કિંગ એરિયા બનાવવામાં આવ્યા છે. પાર્કિંગ એરિયાથી બાંકે બિહારી મંદિર સુધી ઈ-રિક્ષાનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે. નવા વર્ષ નિમિત્તે બાંકે બિહારી મંદિરમાં ભક્તોનો પૂર જોવા મળે છે. ત્યારે આ વર્ષે પણ દર વર્ષની જેમ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી શકે છે. પ્રશાસન આ અંગે વ્યવસ્થા સુધારવામાં વ્યસ્ત છે.

### મંદિર પ્રબંધન સલાહ

મહત્વનું છે કે હાલમાં એવા સમાચારો સામે આવી રહ્યા છે કે ભારે ભીડને કારણે અનેક શ્રદ્ધાળુઓ બેહોશ થઈ ગયા. આવી સ્થિતિમાં નવા વર્ષે મંદિરમાં ભક્તોને સરળતાથી દર્શન કરાવવા તે વહીવટી તંત્ર માટે પડકારજનક સાબિત થઈ શકે છે. જેને ધ્યાને રાખીને મંદિર પ્રશાસન દ્વારા કહેવામાં આવ્યું છે કે ભક્તોએ વૃદ્ધો અને અશક્ત, બીમાર લોકો અને બાળકોને પોતાની સાથે લાવવાનું ટાળવું જોઈએ.

### 22 રાજ્યમાં ઠંડી

નવી દિલ્હી । તા. 31 સમગ્ર દેશમાં ભારે ઠંડી પડી રહી છે. શીત લહેર, વરસાદ અને હિમવર્ષા સાથે ગાઢ ધુમ્મસના કારણે સૌ ધ્રૂજી ઉઠ્યા છે. દેશના 22 રાજ્યો ભયંકર ઠંડીની લપેટમાં છે. હવામાન વિભાગે નવા વર્ષના 7 જાન્યુઆરી સુધી વધુ ઠંડી પડવાની આગાહી કરી છે.

## રસપ્રદ મુકાબલો

# CM આતિશી સામે ચૂંટણી લડશે અલકા લાંબા!

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ પોતાની વ્યૂહનીતિઓ તૈયાર કરી લીધી છે. આમ આદમી પાર્ટીએ તો તમામ 70 બેઠકો પર ઉમેદવારોનું એલાન પણ કરી દીધુ છે. બીજી તરફ કોંગ્રેસે પણ દિલ્હીની સત્તા હાંસલ કરવા માટે એડી ચોટીનું જોર લગાવી દીધુ છે. જેમાં કાલકાજી બેઠક ખૂબ ચર્ચામાં છે, કારણ કે ત્યાંથી મુખ્યમંત્રી આતિશી ચૂંટણી મેદાનમાં છે. બીજી તરફ કોંગ્રેસે સત્તાવાર રૂપે અહીંથી હજુ ઉમેદવારનું એલાન નથી કર્યું પરંતુ અલકા લાંબાના નામ પર મહોર લાગી ચૂકી છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસે અત્યાર સુધીમાં 47 બેઠકો પર પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

કોંગ્રેસ નેતૃત્વએ સમજાવ્યા બાદ અલકા લાંબા ચૂંટણી લડવા માટે તૈયાર થઈ ગયા છે. ગયા અઠવાડિયે કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિએ કાલકાજી બેઠક પરથી મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબાની ઉમેદવારી મહોર



લગાવી દીધી હતી પરંતુ તેઓ ચૂંટણી લડવા માટે તૈયાર નહોતા. આ કારણોસર કોંગ્રેસની બીજી યાદીમાં કાલકાજી બેઠકનો ઉલ્લેખ કરવામાં નહોતો આવ્યો. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પોતે અલકા લાંબાને પાર્ટીનો નિર્ણય સ્વીકારવા અને ચૂંટણી લડવા માટે સમજાવ્યા હતા, ત્યારબાદ તેઓ ચૂંટણી લડવા માટે તૈયાર થયા છે. કાલકાજી બેઠક સહિત દિલ્હીની બાકી રહેલી 23 બેઠકો પર કોંગ્રેસ 3 જાન્યુઆરીના રોજ ઉમેદવારો જાહેર કરી શકે છે. અલકા લાંબા ચાંદની ચોક બેઠક પરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રહી ચૂક્યા છે. ગત વખતે કોંગ્રેસની ટિકિટ પર ચાંદની ચોક વિધાનસભાથી ચૂંટણી લડ્યા હતા અને આ વખતે પણ એ જ બેઠક માટે દાવો કરી રહ્યા હતા.

# વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ : પટનાને જલિયાંવાલા બાગ બનાવવાનો આક્ષેપ

(એજન્સી) બિહાર । તા. 31

બિહારમાં અવાર નવાર પેપર લીકનો મામલો સામે આવતો હોય છે. બીપીએસસીની પરીક્ષા ફરી યોજવાની માગ સાથે પટનામાં હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા હતા. પટનાના ગાંધી મેદાનમાં આ વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા એવામાં મોટી સંખ્યામાં પોલીસ ત્રાટકી હતી અને વિદ્યાર્થીઓ પર ઢોરની જેમ લાઠીઓ વરસાવી હતી. જેમાં અનેક વિદ્યાર્થી ઘવાયા હતા, કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓ પર વોટર કેનનનો મારો ચલાવ્યો હતો. હાલ આ વિરોધ પ્રદર્શન સમગ્ર બિહારમાં ફેલાવવા લાગ્યું છે.બિહારની જદ(યુ) અને ભાજપના ગઠબંધનની સરકારને આડેહાથ લેતા પટનાના રસ્તા પર હજારો વિદ્યાર્થીઓ ઉતર્યા છે. છેલ્લા ત્રણ દિવસથી વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેમની માગણીઓ પર વિચાર કરવાના બદલે સરકારે પોલીસને લાઠીચાર્જની ખુલ્લી છૂટ આપી હોય તેમ ત્રણ દિવસથી આ વિદ્યાર્થીઓને ઢોરની જેમ લાઠીઓ મારીને ભગાડવામાં આવી રહ્યા છે. કેટલાક વીડિયો અને તસવીરો વાયરલ થઇ રહ્યા છે જેમાં એક વિદ્યાર્થીને દસ દસ પોલીસકર્મીઓ ઘેરીને લાઠીઓ વરસાવી રહ્યા છે. શાંતિથી વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે આ અમાનવીય વ્યવહારની ભારે ટિકા થઇ રહી છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે જલિયાવાલા બાગમાં જે રીતે અંગ્રેજોએ નિર્દોશ લોકો પર ગોળીઓ વરસાવી હતી તેવા જ દ્રશ્યો પટનાના ગાંધી મેદાનમાં જોવા મળ્યા હતા. કોંગ્રેસના લોકસભાના સાંસદ પ્રિયંકા ગાંધીએ ટ્વિટર પર લાઠીચાર્જનો વીડિયો શેર કર્યો હતો અને કાર્યવાહીની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે બિહારમાં ત્રણ દિવસમાં બીજી વખત વિદ્યાર્થીઓ



પર અત્યાચાર કરાયો, પરીક્ષાઓમાં ભ્રષ્ટાચાર, પેપર લીકની ઘટનાઓ રોકવાના બદલે સરકાર વિદ્યાર્થીઓનો અવાજ દબાવી આંદોલન કચડવા માગે છે. આટલી ઠંડીમાં યુવાઓ પર પાણીનો મારો ચલાવવો અને પછી લાઠીચાર્જ કરવો અમાનવીય છે. ભાજપનું ડબલ એન્જિન યુવાઓ પર ડબલ અત્યાચારનું પ્રતીક બની ગયું છે. શાંતિથી વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર બેફામ લાઠીચાર્જના વીડિયો હાલ શેર થઇ રહ્યા છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે બિહાર પબ્લિક સર્વિસ કમિશન (બીપીએસસી)ની પરીક્ષાનું પેપક લીક થયુ છે માટે ફરી પરીક્ષા યોજવામાં આવે. બીજી તરફ વિદ્યાર્થીઓના સમર્થનમાં આવેલા પ્રશાંત કિશોરની સામે ફરિયાદ દાખલ કરાઇ છે. અનુમતિ વગર ધરણા પ્રદર્શન કરવા બદલ બિહાર પોલીસે પ્રશાંત કિશોર ઉપરાંત ૭૦૦ લોકોની સામે ફરિયાદ દાખલ કરી છે જેની પણ ભારે ટિકા થઇ રહી છે.

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ટેન્ડર દસ્તાવેજ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલ્વે નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ઈ-ટેન્ડર નંબર: BVPW-2023-24-RSP-02. કામનું નામ:-** કાર્યક્ષેત્ર મુજબ ભાવનગર વર્કશોપમાં ICF કોચનું કેમ્પિંગ કોચમાં રૂપાંતર. **કામની અંદાજિત કિંમત:** ₹ 9,28,21,694.67/- **બિડ સિક્યોરિટી:** ₹ 6,14,100/- **ટેન્ડર દસ્તાવેજ ફી:** ₹ 0.00/- **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ. **કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી થયાની તારીખથી 24 મહિના. **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 20/01/2025, 15:00 કલાક. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 20/01/2025, 15:30 કલાક; **ઈસ્યુ કરનાર:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003 પશ્ચિમ રેલવે. **મહત્વપૂર્ણ નોંધ:** https://www.ireps.gov.in પર ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિકલી સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઑફર્સને મંજૂરી આપવામાં આવશે નહીં, અને આ ઑફિસમાં મળેલી આવી કોઈપણ મેન્યુઅલ ઑફરને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 164

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**(સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન)**

**ટેન્ડર નોટિસ**

**ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર, કન્સ્ટ્રક્શન, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ - 382345,** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી કાર્ય કરવા માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. નીચે જણાવેલ કામ માટે: **(1) ટેન્ડર નં. DY.CSTE/C/DFC/ADI/2024-25/101. (2) કામનું નામ:** પશ્ચિમ રેલવે ના વિવિધ ચાલુ પ્રોજેક્ટમાં SP/SSP/TSS માટે SCADA ના નેટવર્કિંગ માટે ટેલિકોમ ઉપકરણોની આપૂર્તિ, સંસ્થાપન, પરીક્ષણ અને કમીશનીંગ નું કામ. **(3) કામની અંદાજિત કિંમત:** ₹ 2,60,83,735/- **(4) બિડ સુરક્ષા:** ₹ 2,80,400/- **(5) ટેન્ડર જમા કરવાની અને ખોલવાની તારીખ:** ઇ-ટેન્ડર સબમિશન: 21/01/2025 ના 15:00 કલાકે સુધી અને 21/01/2025 ના 15:30 કલાકે ખુલશે. **(6) ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ:** 21/01/2025 ના રોજ 15:30 કલાક. **(7) વેબસાઈટ જમા અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: વેબસાઈટ:-** www.ireps.gov.in ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (કોન્સ્ટ.) ની ઓફિસ, પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત - 382345); **(8) કાર્ય પૂર્ણ થવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર જારી થયાની તારીખથી બાર (12) મહિના.

**No. DY/SG/W/118/101 Dated: 30/12/2024** 95

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Niwas Housing Finance Private Limited**

(Formaly known as Indostar Home Finance Private Limited)
Regd. Office: - Unit No. 305, 3rd Floor, Wing 2/E, Corporate Avenue, Andheri- Ghatkopar Link Road, Chakala, Andheri (East), Mumbai – 400093
CIN : U65990MH2016PTC271587 Tel : +91 22 65202222
Email: connect@niwashfc.com; Website: www.niwashfc.com

NIWAS HOUSING FINANCE

**સૂચના**

આથી માસ્ટર ડિરેક્શન-નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની - હાઉસિંગ ફાઈનાન્સ કંપની (રિઝર્વ બેંક) ના નિર્દેશો 2021 ના ફકરા 93ના સંદર્ભમાં આપવામાં આવી છે કે કંપનીની શાખા ઓફિસ 304, ઓલિવ આર્કેડ, શિલ્પ ક્રોસ રોડ પાસે, CGની નજીક સ્થિત છે. રોડ , નવરંગપુરા , અમદાવાદ , ગુજરાત - પિન કોડ - 380009 બંધ રહેશે 04મી એપ્રિલ 2025 ના કામકાજના સમયની સમાપ્તિથી પ્રભાવથી કામગીરીને યુનિટ નંબર 702, 7મા માળે, મહાલય બિલ્ડીંગ, ચીમનલાલ ગિરધરલાલ રોડ, પ્રેસિડેન્ટ હોટલ પાસે, વસંત વિહાર, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત પીનકોડ 380009 ખાતે આવેલી નજીકની શાખા કચેરીમાં ખસેડવામાં આવી રહી છે.
જો કોઈ મદદની જરૂર હોય તો તમે ઉપર જણાવ્યા મુજબ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકો છો અથવા connect@niwashfc.com પર ઈમેલ મોકલી શકો છો.
આ નોટિસ કંપનીની વેબસાઈટ (www.niwashfc.com) પર ઍક્સેસ કરી શકાય છે.

નિવાસ હાઉસિંગ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ માટે
(ઔપચારિક રીતે ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાય છે).
એસડી /-
નિધિ સદાની.,
કંપની સેક્રેટરી

તારીખ: 31-12-2024

**જાહેર સૂચના**

જાહેર જનતાને મોટા પ્રમાણમાં નોટિસ આપવામાં આવે છે કે મારા ક્લાયન્ટ મેસર્સ પ્રોફેક્ટસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ પાસે તેની નોંધાયેલ ઓફિસ B-17, 4થા માળે, આર્ટ ગિલ્ડ હાઉસ, ફોનિક્સ માર્કેટ સિટી, કુર્લા વેસ્ટ, મુંબઈ 400070 (ધિરાણકર્તા/ગીરો) મંજૂર ક્રેડિટ સુવિધા છે. **હ્યુમન વેલ્ફેર ટ્રસ્ટ (ઉધાર લેનાર/ગીરો) અને દેવચંદભાઈ પિતાંબરભાઈ પટેલને, જગદીશ પટેલ ,દિલીપ પટેલ , શીતલબેન પટેલ (સહ-ઉધાર લેનાર)** શરતે કે મોર્ટાગાગર મિલકતને ગીરો રાખશે ખાસ કરીને અહીં નીચે લખેલ શેડ્યૂલમાં વર્ણવેલ (**કહેવામાં આવેલ મિલકત**).
ગીરવે મુકનારા પુષ્ટિ કરી છે અને મારા ક્લાયન્ટને જાહેર કર્યું છે કે ગીરોને સીરીયલ નં. 3615 હેઠળ તારીખ 23-09-2004 ના રોજ નોંધાયેલ વેચાણ ડીડ દ્વારા ઉપરોક્ત મિલકત પર ટાઇટલ મળ્યું છે. 1- પટેલ જયંતિભાઈ જેઠાભાઈ, 2- પટેલ શંકરભાઈ દેવાભાઈ, 3- આશિષકુમાર સુરેશચંદ્ર ગુપ્તા દ્વારા માનવ કલ્યાણ ટ્રસ્ટની તરફેણમાં તેના પ્રમુખ દેવચંદભાઈ પિતાંબરભાઈ પટેલ અને મંત્રી શિવરામભાઈ માણેકલાલ પ્રજાપતિ દ્વારા ચલાવવામાં આવ્યો હતો અને ખોટી રીતે વેચવામાં આવ્યો નથી અને ખોટી રીતે વેચવામાં આવ્યો નથી. બાકી રકમ પૂર્ણ કર્યા પછી પણ શોધી શકાય છે ખંત અને ખોટી ફરિયાદ સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.
ગીરવે મુકનાર આગળ પુષ્ટિ કરી, જાહેર કર્યું અને મારા ક્લાયન્ટને માની લીધું કે ઉપરોક્ત દસ્તાવેજો જમા કરાવનાર કોઈપણ વ્યક્તિ પાસેથી ગીરવે મુકનારા કોઈ ક્રેડિટ સુવિધા મેળવી નથી અને કહ્યું કે મિલકત કોઈ એક ગીરો, લીઝ, લોન, જામીન, નુકશાન, ઉત્તરાધિકાર, રિઝર્વેશનમાં સામેલ નથી. ,સંપાદન, માંગણી અથવા અન્યથા કોઈપણ રીતે અને તમામ અવરોધોથી મુક્ત અને સ્વચ્છ અને વેચાણપાત્ર શીર્ષક અને ગીરો રાખવાનો અને ઉક્ત મિલકત સાથે વ્યવહાર કરવાનો વિશિષ્ટ અધિકાર ધરાવે છે.

**શેડ્યૂલ.**
**(મિલકતનું વર્ણન)**

R.S.No 2344 (જૂની R.S.No.258/2), 2428.0344 ચોરસ મીટર વિસ્તાર ધરાવતો બિનખેતી જમીન, કસ્બા પાલનપુર, તાલુકો પાલનપુર, જિલ્લો: બનાસકાંઠા અને પાલનપુર રાજ્યની નોંધણીની અંદર આવેલું છે. ગુજરાતના. ઉત્તર દ્વારા: નદીના કાંઠા પછી સર્વે નં. 259. દક્ષિણ દ્વારા: સરકાર ખારાબો પછી રોડ. પૂર્વ દ્વારા : નેલિયા પછી સર્વે નંબર 257 ધરંબા મંદિર. પશ્ચિમ: R.S. No.258

એડવોકેટ હરદેવ ગોસ્વામી
'ગ્રાઉન્ડ ફ્લોર' 'શિવ શક્તિ' મધુવન સોસાયટી, શેરી નં. 2 બી/ક. આયુષ્માન હોસ્પિટલ, 80 ફૂટ રોડ, .150 ફૂટ રિંગ રોડ પાસે, માડવી, રાજકોટ - 360004.